Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# મહાત્મા ગાંધી જ્હોન રસ્કિન અને સર્વોદય

**માળી દશરથભાઈ હીરાજી**

મુખ્ય શિક્ષક, તાડકાછલા (ફ) રોડધા પ્રાથમિક શાળા, તા. કવાટ , જી. છોટાઉદેપુર

**પ્રસ્તાવના :-**

અંગ્રેજોની ચુંગાલમાંથી બહાર નીકળવા કે અંગ્રેજોને દેશમાંથી હાકી કાઢવા ઘણા બધાએ હથિયાર ઉપાડ્યા હતા. બીજો રસ્તો સત્યાગ્રહ પણ હતો તેમાં સૌથી પ્રભાવિત વ્યક્તિ તરીકે એકમાત્ર ગાંધીજી જ છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં જ્યારે વસતા હતા ત્યારે તેમણે આ શસ્ત્રનો સૌ પ્રથમ ઉપયોગ કર્યો હતો. તેમાં તેમને સફળતા મળતા તેમણે આ શસ્ત્રથી જ આપણને આઝાદી અપાવી. આ શસ્ત્રમાં ક્યાંય ઊણપ હોય તો તે પૂર્ણ કરવામાં મહત્વનો ભાગ જ્હોન રસ્કિનના પુસ્તક 'અન્ટુ ધીસ લાસ્ટે' ભજવ્યો.

મહાત્મા ગાંધીના જીવનમાં રેલવેની મુસાફરીએ ૩ વખત જીવનનો રાહ (ટર્નિંગ પોઈન્ટ) બદલી દીધો. (૧) ગાંધીજીને તા.૩૧મી મે ૧૮૯૩ના રોજ પીટર મેરિત્સબર્ગ રેલવે સ્ટેશને પ્રથમ વર્ગના ડબ્બામાંથી ધક્કો મારીને ઉતારી દેવામાં આવ્યા. (૨)

ઈ.સ.૧૯૦૪માં ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં રેલવે મુસાફરી માટે નિકળતા હતા ત્યારે તેમના સાથી-મિત્ર પોલાક દ્વારા મુસાફરીમાં વાંચવા માટે એક પુસ્તક આપવામાં આવ્યું. આ પુસ્તકે રેલ મુસાફરી દરમિયાન તેમનામાં વૈચારિક ક્રાંતિ લાવી દીધી. આમ, જ્હોન રસ્કિનનું જાણીતું પુસ્તક "અન્ટુ ધીસ લાસ્ટ" ગાંધીજીના જીવનમાં પરિવર્તન લાવનાર પુસ્તક હતું.(૩) ઈ.સ.૧૯૧૫માં ગાંધીજી સ્વદેશ આવ્યા પછી ગોખલેના કહેવાથી હિંદ પરિભ્રમણ માટે નિકળ્યા. રેલવેની મુસાફરી દરમિયાન ત્રીજા વર્ગમાં યાત્રાળુઓને પડતી વિટંબણાનો જાત અનુભવ ગાંધીજીએ કર્યો.

આમ, જુદા-જુદા રેલવે મુસાફરીમાં ત્રણ અનુભવોએ ગાંધીજીનો મૂળ માર્ગ બદલી દીધો. સવારથી પ્રથમ વર્ગમાં ટિકિટ લઈને મુસાફરી કરતા ગાંધીજીને જે ધક્કો

લાગ્યો તેણે સમગ્ર વિશ્વનો ઈતિહાસ બદલી દીધો. કારણ રંગ-ભેદની અન્યાઈ નીતિઓ સામે તેમણે સ્વમાન જાળવવા સંઘર્ષ કરવો પડ્યો. તેમણે દક્ષિણ આફ્રિકામાં અન્યાય સામે લોકોને સંગઠિત કરી અહિંસક સત્યાગ્રહ શરૂ કર્યો. સત્યના માર્ગે ચાલીને અહિંસક સત્યાગ્રહ દ્વારા અત્યાચારી શાસકોને અન્યાઈ કાયદો દૂર કરવાની ફરજ પડી. કોને ખબર હતી કે એ રેલવેનો ધક્કો જગતના સત્યાગ્રહનો નવો અધ્યાય થશે. ગાંધીજીએ ભારત છોડ્યાને લગભગ ૨૫ વર્ષ થયા હતા અને આ ૨૫ વર્ષમાં હિંદ ઘણું બદલાઈ ચૂક્યું હતું, તેથી દેશને અને દેશની સમસ્યાઓને જાત અનુભવથી સમજવા માટે ગાંધીજી ભારત ભ્રમણ માટે નિકળ્યા. લોકોની દારૂણ સ્થિતિ નજરે નિહાળી. ત્રીજા વર્ગના મુસાફરોને પડતી હાડમારીઓ પોતે સહન કરી. લોકોને જ્યાં તન ઢાંકવા માટે પૂરતા વસ્ત્ર ન હોય ત્યાં ૧૨-૧૫ મીટર કાપડ શરીર પર વિટવાનો અર્થ નથી અને આ રેલવેની મુસાફરી દરમિયાન હિંદ દર્શન પછી ગાંધીજીના પહેરવેશમાં પણ પરિવર્તન આવ્યું. હવે જોઈએ મહાત્મા ગાંધીના જીવનનો રાહ બદલી નાખનાર જ્હોન રસ્કિનના વિચારો અને તેનો ગાંધીજી દ્વારા કરવામાં આવેલો અમલ. તે પહેલાં થોડીક વાત જ્હોન રસ્કિનની અત્રે કરીશું.

❖ **જ્હોન રસ્કિન (૧૮૧૯-૧૯૦૦)**

૧૯મી સદી વૈશ્વિક ઈતિહાસમાં અત્યંત મહત્ત્વની છે. આ સદી દરમ્યાન સામાજિક-રાજકીય પરિવર્તનની સાથે અનેક નવા આવિષ્કારો થયા કે જેણે માનવ જીવનને પ્રગતિની એક નવી દિશા આપી. પરંતુ સાથે સાથે ભૌતિકવાદને દોટે માણસને પશુ બનાવ્યો ત્યારે એવા સમયે વૈચારિક ક્રાંતિ માટે અનેક વિચારકો પૈકી મહાત્મા ગાંધી, કાર્લ માર્ક્સ, જ્હોન રસ્કિન વગેરે આ ૧૯મી સદીમાં જ જન્મ્યા હતા. કાર્લ માર્ક્સ ૧૮૧૮માં જન્મ્યા હતા અને તેના એક વર્ષ પછી ૧૮૧૯માં જહોન રસ્કિનનો જન્મ થયો. પણ કોને ખબર હતી કે જહોન રસ્કિનના જન્મના ૫૦ વર્ષ પછી ભારતના પોરબંદરમાં ૨જી ઓક્ટોબર ૧૮૬૯ના રોજ જન્મ લેનાર બાળક મોહનિયા પર રસ્કિનના વિચારોની ગાઢ અસર પડશે! અને રસ્કિનના બે પુસ્તકોને કારણે ગાંધીજીનું સમગ્ર જીવન બદલાશે!

ઉમરાવ કુટુંબમાં જન્મેલ રસ્કિનને માતા-પિતા દ્વારા સંસ્કાર વારસાની સાથે લખલૂટ દોલત પણ મળી હતી. ઉદાર દિલના રસ્કિને આ તમામ દોલત ગરીબ અને

જરૂરિયાતમંદોને વહેંચી દીધી હતી. વળી ઉદાર દિલના રસ્કિને અનેક ચિત્રકારોનાં ટેકા સ્વરૂપે ચિત્રો ખરીદીને જગતને સાચી કલાનું ભાન કરાવી દીધું હતું. મિલમાલિકો, જમીનદારો, ઉમરાવ વર્ગ અને ઉદ્યોગપતિઓ દ્વારા કરવામાં આવતા ખુલ્લા રોકાણથી કલાકાર રસ્કિનનો જીવ મુંઝાયો, વિચારો બદલાયા અને ક્રાંતિ સર્જક લખાણ લખાયું. એ સમયના ચીલાચાલું સિદ્ધાંતો અને વ્યાખ્યાઓ સાથે રસ્કિને અસંમતિ પ્રગટ કરી. વળી અંગ્રેજ પ્રજા જ લોકવૃત્તિથી કેવી રીતે જગતમાં શોષણ કરે છે તેને ઉઘાડી પાડી. "અન્ટુ ધિસ લાસ્ટ" (૧૮૬૦) અને 'એસેજ ઓન પોલિટિકલ ઈકોનૉમી' (૧૮૬૨-૬૩) માં એ સમયના જાણીતા જે. એસ. મિલ્સ અને રિકાર્ડોના અર્થશાસ્ત્રના નીતિ-નિયમો સામે પોતાના આગવા વિચારો વ્યક્ત કર્યા. 'ધ સીસેમ એન્ડ લીલીઝ' (૧૮૬૫) તથા અન્ય ગ્રંથોના માધ્યમથી રસ્કિને માનવું માનવ દ્વારા કરવામાં આવતા શોષણ સામે રીતસરની જેહાદ જગાવી. જે રીતના તેણે ગોથિક શૈલીના સ્થાપત્યને ફરી પાછી પ્રચલિત બનાવી હતી, એ જ રીતના સમાજના છેવાડાના માનવી પ્રત્યે સંવેદના જગાવવામાં તેની ભૂમિકા મહત્વની હતી. આમ ૧૯મી સદીમાં વૈચારિક પરિવર્તનમાં રસ્કિનનું અત્યંત મહત્વનું યોગદાન હતું. સ્વાભાવિક છે કે વિચારોને કોઈ સીમા હોતી નથી, તેને સરહદો નડતી નથી, અને વિચારકના મૃત્યુ પછી પણ તેના વિચારો લોકચેતના જગાવ્યા જ કરે છે. જેનું મોટું ઉદાહરણ ઈ.સ.૧૯૦૪માં ગાંધીજીના જીવનમાં જોવા મળ્યું. ઈ.સ.૧૯૦૪માં રેલવેની મુસાફરી માટે નિકળતા ગાંધીજીને તેમના સાથી-મિત્ર પોલાક દ્વારા રસ્કિનનું 'અન્ટુ ધિસ લાસ્ટ' પુસ્તક વાંચવા આપ્યું, અને તેમાંથી જ 'સર્વોદય'નો જન્મ થયો. આ 'સર્વોદય'માંથી ગાંધીજીએ જગતને નવા વિચારો ઉદાહરણ સહિત આપ્યા. રસ્કિનના વિચારોમાંથી જ રેંટિયા વડે કેવી રીતે ક્રાંતિ કરી શકાય છે તેનો સુસ્પષ્ટ ખ્યાલ મળ્યો. સત્ય, અહિંસા, અને સત્યાગ્રહ સાથે રેંટિંયા દ્વારા ઉત્પન્ન થતા સુતરના તાંતણે સમગ્ર હિંદ એકસૂત્રતાથી જોડાયા. ગાંધીજીના જીવનમાં રસ્કિનના વિચારોનું મહત્વ તપાસીએ.

❖ **સત્યના પ્રયોગો અથવા આત્મકથામાં જ્હોન રસ્કિન**

દુનિયાની લગભગ ૨૫ જેટલી ભાષાઓમાં અનુવાદ પામેલ ગાંધીજીની આત્મકથામાં તેમણે જીવન દરમ્યાન કરેલા સત્યના વિવિધ પ્રયોગોને અક્ષરસહ તેમણે ટાંક્યાં છે. બાળપણમાં તેમનાથી થયેલી ભૂલોને પણ કબૂલાત સ્વરૂપે સ્વીકારી છે.

ગાંધીજીના જીવનમાં કોનો અને કેવો પ્રભાવ હતો તે તેમના જ શબ્દોમાં જોઈએ. જેથી આપણને ખ્યાલ આવે કે જહોન રસ્કિન, તેના વિચારો તેમજ તેના ગ્રંથોનું શું મહત્ત્વ છે. ગાંધીજીના શબ્દોમાં :

*"મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક ત્રણ મનુષ્યો છે : રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, 'ટૉલસ્ટોયે તેમના વૈકુંઠ તારા હૃદયમાં છે. (किंगडम ओफ हेवन इझ विधिन यु) નામના પુસ્તકથી ને રસ્કિને अन्टु धिस लास्ट - सर्वोदय નામના પુસ્તકથી મને ચકિત કર્યો..."*[4]

ગાંધીજીના વિચારોમાં જે ક્રાંતિકારી પરિવર્તન આવ્યું તેનું આબેહૂબ વર્ણન ખૂદ ગાંધીજીએ આત્મકથામાં કર્યું છે. એક વિચાર વાંચવાથી જો પ્રભાવ પડતો હોય તો તેને આચરણમાં મૂકવાથી કેવું પરિવર્તન આવે છે તે ગાંધીજીના જીવનમાં સ્પષ્ટ જોવાયું છે. આ પરિવર્તન કેવી રીતે થયું તે જોઈએ.

*"વેસ્ટનો આવો કાગળ આવવાથી હું નાતાલ જવા ઉપડ્યો. પોલાક તો મારી બધી વાતો જાણતા થઈ જ ગયા હતા. મને મૂકવા સ્ટેશન ઉપર આવેલા, ને આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે. તે વાંચી જજો. તમને ગમશે; એમ કહી તેમણે રસ્કિનનું अन्टु धिस लास्ट મારા હાથમાં મૂક્યું.*

*આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો. જોહાનિસબર્ગથી નાતાલ ચોવીસ કલાક જેટલો રસ્તો હતો. ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઈરાદો કર્યો.*

*આ પહેલાં રસ્કિનનું એક પણ પુસ્તક મેં વાંચ્યું નહોતું. વિદ્યાભ્યાસના કાળમાં પાઠ્યપુસ્તકો બહાર મારું વાંચન નહીં જેવું જ ગણાય. કર્મભૂમિમાં પ્રવેશ કર્યા પછી સમય ઘણો થોડો બચે. એટલે આજ લગી પણ એમ જ કહેવાય કે મારું પુસ્તકોનું જ્ઞાન ઘણું જ થોડું છે. આ અનાયાસે અથવા પરાણે પળાયેલા સંયમથી મને નુકશાન નથી થયું એમ હું માનું છું. પણ જે થોડાં પુસ્તકો વાંચ્યાં છે તેને હું ઠીક પચાવી શક્યો છું એમ કહી શકાય. એવાં પુસ્તકોમાં જેણે મારી જિંદગીમાં*

*તત્કાળ મહત્ત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો એવું તો આ પુસ્તક જ કહેવાય. તેનો મેં પાછળથી તરજુમો કર્યો, ને તે सर्वोदय ને નામે છપાયેલું છે. (૧૯૦૮માં મે થી જુલાઈ દરમિયાન એ इन्डियन ओपिनियन માં હપ્તે હપ્તે પ્રસિદ્ધ થયું.)*

*મારી એવી માન્યતા છે કે જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી. તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું. ને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો. આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે તે કવિ છે. બધા કવિની બધા ઉપર સરખી અસર થતી નથી. કેમ કે બધામાં બધી સારી ભાવનાઓ એકસરખાં પ્રમાણમાં હોતી નથી.*

*सर्वोदय ના સિદ્ધાંતો હું આમ સમજ્યો !*

1. *બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.*
2. *વકીલ તેમ જ વાળંદ બંનેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ, કેમ કે આજીવિકાનો હક બધાને એકસરખો છે.*
3. *સાદું મજૂરીનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.*

*પહેલી વસ્તુ હું જાણતો હતો. બીજી હું ઝાંખી જોતો હતો. ત્રીજીનો મેં વિચાર જ નહોતો કર્યો. પહેલીમાં બીજી બંને સમાયેલી છે. એ મને सर्वोदये દીવા જેવું દેખાડ્યું. સવાર થયું ને હું તેનો અમલ કરવાના પ્રયત્નમાં પડ્યો."[૨]*

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ જયારે રંગભેદ વિરૂદ્ધ લડત શરૂ કરી ત્યારે તેમને પોલાક જેવો સાથી મળ્યો હતો. આ જ પોલાકે ઈ.સ.૧૯૦૪માં ગાંધીજીને રેલવેની મુસાફરીમાં સમય પસાર કરવા માટે રસ્કિનનું પુસ્તક વાંચવા આપ્યું. તેમજ પોલાકને નાનપણમાં વાંચનનો જબરો શોખ, કેમકે રસ્કિનનું શુક્ષ્મતાથી અભ્યાસ કર્યો હતો પણ અમલ કેટલો? વાંચવું અને આચરણ કરવું બંને વચ્ચે લાંબો ફર્ક છે. તે બાબતે ગાંધીજીએ નોંધેલ એક પ્રસંગ પર નજર કરીએ.

*"પોલાકને મારી સાથે જ રહેવાનું નિમંત્રણ આપ્યું ને અમે સગા ભાઈની જેમ રહેવા લાગ્યા. પોલાકને જે બાઈ સાથે તેઓ પરણ્યા તેની સાથે મૈત્રી તો કેટલાંક વર્ષો થયાં હતા. બંનેએ સમય આવ્યે વિવાહ કરી લેવાનો નિશ્ચય પણ કર્યો હતો.*

*પણ પોલાક કંઈક દ્રવ્યસંગ્રહની રાહ જોતા હતા. એવું મને સ્મરણ છે. રસ્કિનનો તેમનો અભ્યાસ મારા કરતાં ઘણો વધારો બહોળો હતો, પણ પશ્ચિમના વાતાવરણમાં રસ્કિનના વિચારોનો પૂરો અમલ કરવાનું તેમને સૂઝે તેમ ન હતું. મે દલીલ કરી, જેની સાથે હૃદયની ગાંઠ બંધાઈ તેનો વિયોગ કેવળ દ્રવ્યને અભાવે ભોગવવો એ અયોગ્ય ગણાય. તમારે હિસાબે તો ગરીબ કોઈ પરણી જ ન શકે. વળી હવે તમે તો મારી સાથે રહો છો. એટલે ઘરખર્ચનો સવાલ નથી. તમે વહેલા પરણો એ જ હું તો ઈસ્ટ માનું છું."*[3]

ગાંધીજીના જીવનમાં આમ તો અનેક વ્યક્તિનો સીધેસીધો પ્રભાવ રહ્યો છે. પરંતુ તેમનામાં વૈચારિક પરિવર્તન કરનાર પુસ્તક રસ્કિનનું 'અન્ટુ ધિસ લાસ્ટ' હતું. એવલિન રેન્ચ જ્યારે ગાંધીજીનું ઈન્ટરવ્યુ લે છે ત્યારે તેમની વચ્ચે થયેલ ઐતિહાસિક સંવાદ પરથી ગાંધીજીના જીવનમાં રસ્કિન અને તેનાં વિચારોનો કેટલો પ્રભાવ હતો તે સ્પષ્ટ વર્તાય છે. એવલિન રેન્ચનો ઈન્ટરવ્યુ 'સ્પેક્ટરેર'માં પ્રસિદ્ધ થયો હતો.*એવલિન રેન્ચે ગાંધીજીની મુલાકાતમાં પૂછયું : કોઈ પુસ્તકે કદી આપના જીવનને અત્યંત પ્રભાવિત કર્યું છે? અને આપના જીવનમાં કોઈ અચાનક પરિવર્તન આવ્યું છે?*

ઉત્તર :

*"હા, મને સૌથી વધુ પ્રભાવિત કરનાર પુસ્તક રસ્કિનનું "अन्टु धिस लास्ट" હતું. તે વખતે હું દક્ષિણ આફ્રિકામાં રહેતો હતો. ૧૯૦૪માં જ્યારે મારી ઉંમર ૩૫ વર્ષની હતી ત્યારે રેલવે ગાડીમાં ડર્બન જતાં મેં "अन्टु धिस लास्ट" વાંચ્યું. તેણે મારું આખું બાહ્ય જીવન પલટી નાખ્યું એને માટે બીજો કોઈ શબ્દ જ નથી. રસ્કિનના શબ્દોએ મારા ઉપર ભૂરકી નાખી. હું એકી બેઠકે એ પુસ્તક વાંચી ગયો અને આખી રાત જાગતો પડી રહ્યો. અને મે તે જ ક્ષણે મારા જીવનનો નકશો બદલી નાખવાનો નિર્ણય કર્યો. ટૉલસ્ટૉયને મેં બહુ પહેલાં વાંચ્યા હતા. તેણે મારા આંતર જીવનને અસર કરી હતી."*[4]

આજે જગતના અત્યંત મહત્વના જે ૧૦૦ આઈકોન છે તેમાં શિરમોર રેટિયો છે. સૂતરના તાંતણે દેશમાં સ્વરાજ આવ્યું અને સમગ્ર દેશ એક સૂત્રતાથી બંધાયો. હજારો વર્ષથી રેટિયા વડે સૂતર તૈયાર થતુ હતું અને કાપડ વણાતુ હતું, પરંતુ ખેતીની સાથે-

સાથે રેટિંયાનું ખરૂ મહત્વ ગાંધીજીને રસ્કિનના પુસ્તક 'સિસેમ એન્ડ લિલિઝ'માંથી સમજાયું. "ખેતી અને હસ્તઉદ્યોગની ઉન્નતિ સાથે રેટિંયાના માધ્યમથી કેવી રીતે સ્વાવલંબી બનાવી શકાય તેનો સ્પષ્ટ વિચાર ગાંધીજીએ વ્યક્ત કર્યો."[5]

અંગ્રેજોએ ભારતના હુન્નર ઉદ્યોગ, ખેતીવાડી અને કલા-કારીગરીને સુવ્યવસ્થિત રીતે તોડી નાખ્યા હતા. અંગ્રેજોએ ભારતમાં રેલવે અને તાર-ટપાલ હિંદના શોષણ માટે તેમજ સૈનિકોના ઝડપી પરિવહન માટે વિકસાવ્યા હતા. વળી ઈસ્ટ-ઈન્ડિયા કંપનીના નોકરો પણ મોટાપાયા પર ભ્રષ્ટ નીતિઓ અપનાવીને ખાનગી વેપાર કરતા, જેના કારણે ગામડાઓ વધુને વધુ પાયમાલ થયા. ઉચ્ચ પ્રકારના કપાસના ઉત્પાદનમાં પણ ધીમે-ધીમે ઘટાડો થયો અને તેનો લાભ માન્ચેસ્ટરની મિલોને મળ્યો. ભારત વધુને વધુ આર્થિક રીતે પાયમાલ થઈ ગયો અને અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ કરો' ની કુટિલ નીતિએ લોકોમાં ફાટફૂટ પડાવી. આવા સમયે ગાંધીજીને હિંદના ઉદ્ધાર માટેનો ઉકેલ રસ્કિનના વિચારોમાં જણાયો અને તેમણે 'અનટુ ધિસ લાસ્ટ' નો ગુજરાતીમાં તરજુમાં "સર્વોદય" નામે કર્યો હતો. જે દક્ષિણ આફ્રિકાથી પ્રસિધ્ધ થતા 'ઈન્ડિયન ઓપિનિયન'માં નવ ભાગમાં પ્રસિદ્ધ થયું.

૧. પ્રથમ ભાગ - ૧૬/૫/૧૯૦૮

૨. બીજો ભાગ – ૨૩/૫/૧૯૦૮

૩. ત્રીજો ભાગ – ૩૦/૫/૧૯૦૮

૪. ચોથો ભાગ - ૬/૬/૧૯૦૮

૫. પાંચમો ભાગ - ૧૮/૬/૧૯૦૮

6. છઠ્ઠો ભાગ – ૨૦૬/૧૯૦૮

૭. સાતમો ભાગ – ૨૭/૬/૧૯૦૮

૮. આઠમો ભાગ - ૦૪/૭/૧૯૦૮

૯. નવમો ભાગ – ૧૮/૭/૧૯૦૮

પાછળથી તે "સર્વોદય" નામથી પુસ્તિકા સ્વરૂપે પ્રસિદ્ધ થયો. દક્ષિણ આફ્રિકામાં જ્યારે સત્યાગ્રહ એની ચરમ સીમા પર ચાલતો હતો ત્યારે ગાંધીજીના સંપાદિત અનુવાદિત પુસ્તકો જપ્ત કરવામાં આવ્યા, તેમાં 'સર્વોદય' નો પણ સમાવેશ થતો હતો.

"હિન્દ સ્વરાજ હિન્દુસ્તાનમાં જપ્ત થવા બાબતે અમે અગાઉ લખી ગયા છીએ. હવે ટપાલમાં કાગળો આવ્યા છે, તેમાંથી માલૂમ પડે છે કે હિંદી સરકારે એક સત્યવીરની કથા, સર્વોદય, મુસ્તફા કમાલ પાશાનું ભાષણ તથા ડિફેન્સ ઓફ સોક્રેટીસ નામના અંગ્રેજી પુસ્તકોના તરજુમા એમ પુસ્તકો જપ્ત કર્યા છે ને તેનો ફેલાવો થવાની બંધી કરી છે."[6]

ઈ.સ. ૧૯૪૬ના હરિજન સાપ્તાહિકમાં ગાંધીજીએ દેશના ભાવિ ઉદ્ધારની યોજના વ્યક્ત કરી હતી. મૂળમાં તો પ્રધાન મંડળના સભ્યોને સંબોધિને લખવામાં આવેલા લેખમાં પ્રજાભિમુખ કેવો અભિગમ હોવો જોઈએ તેની વાત કરવામાં આવી છે જેમાં જણાવ્યું છે :-

*"અનટુ ધિસ લાસ્ટ એ શબ્દોમાં જે આશય છે તેને હું વળગી રહું છું... 'અનટુ ધિસ લાસ્ટ' માં કહેલા સિદ્ધાંત પાળવાનું ને તેનો અમલ કરવાનું ખાસ જરૂરી છે એમ હું માનું છું. તે સિવાય માણસ જાતિ તેના બંધુતા અને સમાનતાનાં ધ્યેયને જીવનમાં ઉતારી શકે નહીં અને આગળ વધી શકે નહીં."*[7]

**ઉપસંહાર:-**

'ટ્રસ્ટીશીપનો મૂળ સિદ્ધાંત જ્હોન રસ્કિનના વિચારોમાંથી ઉદભવ્યો છે. પરંતુ તેને પૂર્ણ રૂપ ગાંધીજીએ આપ્યું.'[8] આમ, ગાંધીજી અને જ્હોન રસ્કિનના મુખ્ય વિચારોમાં તો સર્વનો ઉદય એટલે કે સર્વોદય જ છે. છેક છેવાડાના માનવી સુધીનો ઉદય અને વિકાસ થાય એવા વિચારો આ બંને મહાપુરૂષોના કાર્યોમાં જોવાં મળે છે. આ સર્વોદયની ભાવનાને વરેલા અન્ય ગાંધીવાદી કાર્યકરોએ આ વિચારોને આજ સુધી જીવંત રાખ્યા છે. સર્વોદય વિશે જો હું માત્ર શિક્ષણને ઉદાહરણ પૂરતુ રજૂ કરુ તો ૧૯૧૩માં 'ગુજરાત કેળવણી મંડળ' સ્થપાયું. ૧૯૩૪માં 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી'ની સ્થાપના થઈ. આ એજ્યુકેશન સોસાયટીએ 23 જેટલી સંસ્થાઓ ખોલી છે.[9] જેમાં આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, ફાર્મસી, મેડિકલ, લેબોરેટરી, અટીરા વગેરે જેવી નામાંકન સંસ્થાઓનો તેમાં સમાવેશ થાય છે. અરે! કાંકરિયાના પાળે બેસનારા ગાંધીવાદી કાર્યકરોએ અમદાવાદમાં એક કોલેજ ૧૯૫૬માં શરૂ કરી હતી અને એ કોલેજનું નામ પણ 'સર્વોદય'

કોલેજ જ રાખ્યું હતું! આવી સંસ્થાઓ સિવાય પણ સમાજીક સંસ્થાઓ, દવાખાનાઓ, શાળાઓ જેવી ઢગલાબંધ સંસ્થાઓ ગાંધીયુગ અને તેના પછી પણ સ્થપાઈ હતી અને અત્યારે પણ આ સંસ્થાઓ પ્રગતિના પંથે સેવાઓ આપી રહી છે અને ગાંધીવાદી અને અન્ય કાર્યકરો હજું પણ 'સર્વોદય'ની ભાવનાને વરેલા જોવા મળે છે.

**સંદર્ભસૂચિ**


1. ગાધી મોહનદાસ કરમચંદ, સત્યના પ્રયોગો અથવા આત્મકથા, , નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, આવૃત્તિ ૧૯૨૭, પુનઃ મુદ્રણ ઓક્ટોબર-૨૦૧૫, ભાગ-રજો, પ્રકરણ-૧, રાયચંદભાઈ, પૃ.-૮૮
2. ગાધી મોહનદાસ કરમચંદ, સત્યના પ્રયોગો અથવા આત્મકથા, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, આવૃત્તિ ૧૯૨૭, પુનઃ મુદ્રણ ઓક્ટોબર-૨૦૧૫, ભાગ ચોથો, પ્રકરણ-૧૮, એક પુસ્તકની જાદુઈ અસર, પૃ.૨૯૦-૨૯૨
3. ગાધી મોહનદાસ કરમચંદ, સત્યના પ્રયોગો અથવા આત્મકથા, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, આવૃત્તિ ૧૯૨૭, પુનઃ મુદ્રણ ઓક્ટોબર-૨૦૧૫, ભાગ ચોથો, પ્રકરણ-૨૨ 'જેને રામ રાખે', પૃ. ૩૦૧
4. ગાંધીજીનો અક્ષરદેહ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ,૧૯૬૮ ભાગ-૪૮, પૃ.૧૮૪ (મૂળ અંગ્રેજી સ્પેક્ટરેર ૨૪/૧૦/૧૯૩૧)
5. યંગ ઈન્ડિયા – ૧૮-૧૧-૧૯૨૬
6. ગાંધીજીનો અક્ષરદેહ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પહેલી આવૃત્તિ, ઓક્ટોબર- ૧૯૬૮ પૃ.૨૯૧ (મૂળ ગુજરાતી) ઈન્ડિયન ઓપીનીયન, ૭-૫-૧૯૧૦
7. હરિજન ૨૫-૮-૧૯૪૫
8. ચિતરંજન વોરા (અનુ.), અનટુ ધિસ લાસ્ટ, અમદાવાદ, ૨૦૧૩, પૃ.૧૩.
9. જીજ્ઞાબેન કે. બ્રહ્મભટ્ટ, "અમદાવાદ-ગુજરાતના શૈક્ષણિક વિકાસમાં અમદાવાદ એજ્યુકેશન સોસાયટીનું પ્રદાન (ઈ.સ.૧૯૩૪-૧૯૮૪) – એક અભ્યાસ" પીએચ.ડી. શોધનિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, વર્ષ-૨૦૦૭. પૃષ્ઠ નં. ૧૧૧-૧૧૨.